# ખેડબ્રહ્મામાં મહીલા ડેન્ગ્યુના ઝપટમાં

ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્માની જનરલ હોસ્પીટલમાં ઓપરેશન માટે ઈન્ડોર વિભાગમાં દાખલ થયેલ મહિલાના લેબોરેટરી ટેસ્ટમાં પોઝીટીવ ડેન્ગ્યુનો કેસ બહાર આવતા આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયું હતું. ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં ભાવના દર્દીઓમાં પણ નોંધપાત્ર વધારો થવા પામ્યો છે.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા તાલુકાના ભૂરીઘરફડ ગામની જરીબેન લાડુભાઈ ગમાર (ઉં.વ.૪૫)ને સારવાર માટે જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ મહીલાને એપીગેસ્ટી હર્નિયોપ્લાસ્ટીનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. જેના માટે વિવિધ લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં ડેન્ગ્યુનો પોઝીટીવ રીપોર્ટ આવ્યો હતો. જેથી ખેડબ્રહ્મા શહેર અને તાલુકામાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

આ અંગે તાલુકા હેલ્થ ઓફિસર એચ.એસ. ગઢવીએ જણાવ્યું હતું. આ મહીલાના ટેસ્ટ ખાનગી લેબોરેટરીમાં કરાવેલ છે જે પોઝીટીવ હોવાનુ જાણવા મળેલ છે.

# પ્રાંતિજ વોર્ડ નં.૩માં ઉભરાતી ગટરોથી ભારે ત્રાહીમામ

## ગટરનું ગંદુ પાણી બાથરૂમ અને રસોડા સુધી પહોંચ્યું વિસ્તારની સ્થિતિ નર્કાગાર જેવી

પ્રાંતિજ, તા.૭

પ્રાંતિજ નગરમાં તપોધન ફળીની નજીક આવેલ વોર્ડ નં.૩ માં


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ગટરો ઉભરાઈ રહી છે. આ ગટરનું પાણી નાગરિકોના મકાનમાં બાથરૂમ અને પીવાના પાણીના કનેકશનમાં આવતા રહીશો સમસમી ઉઠયા છે અને તંત્ર સમક્ષ રજૂઆત કરવા છતાં કોઈ પરિણામ ન આવતા રહીશો ભારે રોષે ભરાયા છે. સત્વરે આ સમાધાનનું નિરાકરણ કરવા ઉગ્ર માંગ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ નગરમાં તપોધન ફળીયું આવેલ છે. જેને વોર્ડ નં. ૩ તરીકે ઓળખવામાં આવે છે. જયાં અંદાજે ૬૦ થી ૮૦ મકાનો છે. આ વોર્ડ નં.૩માં છેલ્લા સાતેક દિવસથી જાહેર ગટરો ઉભરાઈ રહી છે. પરિણામે ચારે બાજુ ગટરનું ગંદુ પાણી માર્ગો પર ફેલાઈ ગયું છે. ઉપરાંત આને લીધે રહીશોના મકાનમાં વપરાશ અને પીવાના પાણીના કનેકશનમાં પણ ગંદુ ગટરનું પાણી આવી રહ્યું છે. હાલ તો ગટરોના ઉભરાતા પાણીથી નર્કાગારની સ્થિતિ રહીશો ભોગવી રહ્યા છે. તો બીજી તરફ આ ગંદકીને લીધે રોગચાળાની પણ દહેશત જેવી



પરિસ્થિતિ સર્જાય છે. રહીશો છેલ્લા કેટલાક દિવસથી આ મુશ્કેલીને લઈ ભારે ત્રાહીમામ પોકારી ઉઠયા છે. અનેક રજૂઆત કરવા છતાં કોઈ પણ પરિણામ ન આવતા રહીશો ભારે રોષે ભરાયા છે અને તંત્ર સત્વરે આ બાબતે યોગ્ય કાર્યવાહી કરી સમાધાન લાવે તેવી રહીશોએ ઉગ્ર માંગ કરી છે.


# ઊંઝાના સિંહી ગામે ગોગ મહારાજ મંદિરમાં ૫૬ હજારની મત્તાની ચોરી

ઊંઝા, તા. ૭

ઊંઝા-પાટણ ધોરીમાર્ગ પર આવેલા ઊંઝા નજીકના સિંહી ગામે રાત્રિના સમયે ગોગ મહારાજના મંદિરનો નકુચો તોડી અંદર પ્રવેશી કોઈ તસ્કરો ચાંદીની મૂર્તિ અને દસ હજારની રોકડ રકમ મળી કુલ ૫૬ હજારના કિંમતની મત્તાની ઉઠાંતરી કરી ગયા હોવાનો બનાવ બનતા લોકોમાં ભયની લાગણી ફેલાઈ છે.

ઊંઝા નજીકના સિંહી ગામે પાટણ ધોરીમાર્ગ પર ગોગ મહારાજનું નવિન મંદિર આવેલ છે. આ મંદિરમાં રાતના સમયે કોઈ તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરોએ મંદિરના દરવાજાનો નકૂચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બાદ અંદર રહેલ સવા કિલો વજનની ચાંદીની મૂર્તિની ચોરી કરી મંદિરની દાનપેટી તોડી નાંખી અંદરથી દસ હજાર રૂપિયાની રોકડ રમક મળી કુલ ૫૬ હજારની મત્તાની ઉઠાંતરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. દરમિયાન પહેલી સવારે મંદિરના પુજારી મંદિરમાં પૂજા કરવા માટે ગયા હતા ત્યારે મંદિરમાં ચોરી થઈ હોવાનું માલુમ પડ્યું હતું. આથી પૂજારી લાઘુપુરી કૈલાસપુરી ગોસ્વામીએ ઊંઝા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસ મંદિર ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઊંઝા પોલીસ સ્ટેશનની દહના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી લૂંટ ઘરફોડ ચોરી, વાહનચોરી, મંદિર ચોરી તેમજ અન્ય ચોરીઓના બનાવોએ માઝા મુકી દેતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે. આ વિસ્તારમાં છાશવારે બનતા મિલ્કત વિરૂદ્ધના ગુનાઓને અટકાવવામાં તેમજ તેના ભેદ ઉકેલવામાં સ્થાનિક પોલીસતંત્ર નિષ્ફળ ગયેલું છે જેથી પ્રજામાં ભય સાથે અસલામતિની લાગણી પેદા થઈ છે.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર ખાતે આવેલી જનરલ સિવિલ હોસ્પિટલમાં ચાલતી નર્સિંગ કૉલેજની વિદ્યાર્થિનીઓને આજે નાસ્તો આરોગ્યા બાદ ઝાડા-ઉલટી થવા લાગતા ૮ જેટલી નર્સિંગ કોર્ષ કરતી વિદ્યાર્થિનીઓને ફુડ પોઈઝનીંગ થતા તાકીદે સિવિલમાં સારવાર માટે લઈ જવામાં આવી હતી. આ હોસ્ટેલમાં વિદ્યાર્થિનીઓને અપાતા નાસ્તા - ભોજનની ગુણવત્તા અંગે છાશવારે ફરિયાદો વચ્ચે આજે સવારના નાસ્તા બાદ ખોરાકી ઝેરનો ભોગ બનતા સમગ્ર ખાદ્ય સામગ્રી અંગે ફરિયાદો સાચી ઠરતાં સંચાલક સામે અત્રે રહી ભણતી વિદ્યાર્થિનીઓમાં ભારે રોષ ભભૂકી ઉઠયો હતો. જોકે, તમામ ભોગ બનેલી વિદ્યાર્થિનીઓની હાલત સુધારા પર હોવાનું તબીબી સૂત્રોએ જણાવેલ. અત્રે અપાતા ભોજન કે જે વિદ્યાર્થિનીઓ અને દર્દીઓને અપાતા ખાદ્ય સામગ્રીની ગુણવત્તા તાકીદે સુધારવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.

# દિયોદરના કોટડા ગામની સગીરા પર ગેંગરેપ કરનારા પાંચમો આરોપી સુરતથી ઝડપાયો

ડીસા, તા. ૭

દિયોદર તાલુકાના કોટડા ગામની સગીરાને ઘરમાંથી બળજબરીપૂર્વક ઉઠાવી લઈ જઈ પાંચ નરાધમોએ અમદાવાદ ખાતે લઈ જઈ વારા ફરતી બળાત્કાર ગુજાર્યાની ઘટનાને બે માસના સમય બાદ આજે તપાસ અમલદાર પી.આઈ. આર.એમ. ભદોરિયાએ આ કેસ પાંચમા આરોપીની સુરતથી ધરપકડ કરી હતી. જેને કોર્ટે એક દિવસના રિમાન્ડ આપ્યા હતા. આ સમગ્ર કેસમાં તપાસ અમલદાર આર.એમ. ભદોરિયાની ઝીણવટભરી તપાસમાં તમામે સગીરા પર વારાફરથી સામુહિક બળાત્કાર કરેલ હોવાના પુરાવા મળેલ છે ત્યારે આ કેસનો પોલીસ પકડથી નાસ્તો ફરતો પાંચમો આરોપી પણ ઝડપાતા પીડિત પરિવારે પોલીસ તપાસથી સંતોષ વ્યક્ત કરેલ છે.

આ ચકચારી ગેગં રેપકાંડની વિગતો જોઈએ તો બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના કોટડા ગામે રહેતી એક સગીરાને તા. ૩-૧૨-૨૦૧૩ઉના રોજ બપોરના સમયે આ સગીરા ઘરે એકલી હતી ત્યારે રબારી મેવા નેજા નામનો ઈસમ આવી સગીરાને ગાડી પાસે બોલાવી રિવોલ્વર બતાવી અંદર બેઠેલા અન્ય ચાર ઈસમોએ હાથ પકડી અંદર બેસાડી સ્વિફ્ટ ગાડીમાં લઈ જેતડા તરફ પલાયન થઈ ગયા હતા અને ત્યાંથી અમદાવાદ ખાતે રહેતા ચેતનભાઈ રમણભાઈ પટેલના ઘરે આ સગીરાને બળજબરીપૂર્વક ગોંધી રાખી હતી. અને તે બાદ રાત્રીના સમયે રબારી મેવા તેજા, મૂળ રહે, આશોદર હાલ-સુરત, ચેતન રમણભાઈ પટેલ રહે. અમદાવાદ, રેવતદાન ઉર્ફે રવિ ગઢવી રહે - સુરત, જીગ્નેશ વિનોદભાઈ શાહ રહે. - સુરત, ચિરાગ પરશોત્તમભાઈ પટેલ મૂળ રહે. મોઢેરા હાલ રહે. અમદાવાદ નામના ઈસમોએ બળજબરીપૂર્વક રાત્રીના સમયે વારાફરતી બળાત્કાર ગુજાર્યોહતો અને બીજા દિવસ પણ આ સગીરાને ઘરમાં ગોંધી રાખી હતી. ૫-૧૨-૧ઉના રોજ સાંજના સમયે મારૂતિ ગાડી લઈ આવેલા ચેતન તથા ચિરાગ અને ડ્રાઈવરે ગાડીમાં બેસાડી બનાસકાંઠાના પાલનપુર ખાતે હાઈવે વિસ્તાર ઉપર છોડી પલાયન થઈ ગયા હતા.

# ખેડબ્રહ્માના ભકિતનગરમાં ગંદકીથી રોગચાળાનો ભય


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા.૭

ખેડબ્રહ્મા પાલિકા વિસ્તારના ભકિતનગરમાં ગંદા પાણીના ભરાવાના કારણે કાદવકીચડ અને મચ્છરોના ઉપદ્રવથી લોકોને પરેશાનીનો સામનો કરવાનો વારો આવ્યો છે અને રોગચાળો ફેલાવાની દહેશત સેવાઈ રહી છે. આ ગંદા પાણીનો નિકાલ સત્વરે કરવામાં આવે તેવી રહીશોમાં માંગ ઉઠવા પામી છે.

ખેડબ્રહ્મા નગર પાલિકાના સદસ્ય અમીતકુમાર શર્મા-ગુદડજી પ્રજાપતિ તથા પૂર્વ સદસ્ય હસમુખલાલ રાવલના જણાવ્યા અનુસાર ભકિતનગરમાં ભૂગર્ભ ગટરની કામગીરીના કારણે માટીના ઢગ ખડકાયા છે જેના કારણે ગંદા પાણીનો નિકાલ બંધ થઈ જતાં ગંદા પાણીનું તળાવ ભરાયું છે. જેથી રહીશોને અવર જવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ ગંદા પાણીના ભરાવાથી કાદવ કીચડથી લોકો પરેશાન છે તથા મચ્છરોનો ઉપદ્રવ વધી જવાથી લોકોમાં રોગચાળો ફેલાવાની દહેશત સેવાઈ રહી છે. અમીત શર્માએ વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા ૨૦ દિવસથી આ વિસ્તારના રહીશો આ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે.

ઉપરાંત સ્ટેશન રોડના વેપારી મુકેશકુમાર ભુરાલાલ મહેતાના જણાવ્યા અનુસાર સ્ટેશન રોડ ઉપર ભૂગર્ભ ગટરના કામ પછી માટી પુરાણ વ્યવસ્થિત કરવામાં ન આવતાં છેલ્લા ત્રણ ચાર દિવસમાં ભારે વાહન ફસાઈ જવા પામ્યા છે. જેથી ગ્રાહકો તથા વેપારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. મુકેશભાઈ મહેતાએ આ અંગે પ્રાંત અધિકારી તથા પાલિકામાં લેખિત રજુઆત કરી છે આ અંગે પાલિકાના ચીફ ઓફીસર હરીશભાઈ અગ્રવાલે જણાવ્યું હતું કે ભકિતનગરમાં ગટરનું કામ ચાલુ છે આ ગંદા પાણીનો એકાદ દિવસમાં નિકાલ કરી દેવામાં આવશે.

# ભિલોડા તાલુકાની રામનગર હાઈ.માં ત્રિ-વિધ કાર્યક્રમો યોજાયા

ભિલોડા,તા.૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાની શેઠ શ્રી જે.એમ.તન્ના વિદ્યાલય,રામનગર હાઈસ્કુલમાં ત્રિ-વિધ કાર્યક્રમો યોજાયા હતા.ધોરણ.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સન્માન સમારોહ, વારિગૃહ ઉદ્‌ઘાટન તેમજ રામનગર હાઈસ્કુલ શિક્ષક બી. કે. પટેલનો વય નિવૃતી સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે નાનજીભાઈ કલાસવા-સાબરકાંઠા જીલ્લા પંચાયત સદસ્ય, આર. પી. પટેલ ગુજરાત રાજ્ય માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ બોર્ડ, સદસ્ય, ગાંધીનગર, એન.ડી.પટેલ મહામંત્રી અરવલ્લી જીલ્લા આચાર્ય સંઘ, બી.એસ.પટેલ આચાર્ય ગડાદર હાઈસ્કુલ તેમજ શરદભાઈ બારોટ સી.આર.સી.ભિલોડા-૨ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દાતાઓએ દાનની જાહેરાત કરેલ હતી.રામનગર હાઈસ્કુલ આચાર્ય અમૃતભાઈ પટેલ,ટ્રસ્ટી મંડળ પ્રમુખ હિંમતભાઈ પટેલ, ટ્રસ્ટી મંડળ સભ્યો તેમજ શાળા પરીવારે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.



ઉનાળાના પ્રારંભે જ નાગરિકોને તરસ છીપાવવા પ્રાંતિજના સાર્વજનિક જયશ્રી રામ જલસેવા સંસ્થા દ્વારા પાણીના માટલા મુકવામાં આવ્યા છે. જેથી લોકો ગરમીમાં પાણી પી હાંશકારો અનુભવે છે. (સંજય રાવલ)

# ઊંઝા બાદ મહેસાણામાં પણ આઈ.ટી. વિભાગના દરોડા

મહેસાણા, તા. ૭

મહેસાણા ખાતે રાધનપુર ચાર રસ્તા પાસે ખાનગી હોસ્પિટલ ધરાવતા તબીબ અને વેપારી મથક ઊંઝા શહેરમાં બાંધકામ અને માર્બલ તેમજ ખાનગી સ્કૂલ ધરાવતા ચંદ્રકાન્ત પટેલના રહેણાંક અને ઓફિસ પર ગઈકાલથી આવકવેરા વિભાગના અધિકારીઓએ હથિયારધારી પોલીસ સાથે સર્ચ ઓપરેશનની શરૂ કરેલ કાર્યવાહી આજે બીજા દિવસે પણ ચાલુ રાખતા મહેસાણા અને ઊંઝા શહેર બિલ્ડરો અને મોટા વ્યવસાયીઓમાં ભારેફફડાટ વ્યાપી ગયો છે અને આવા કેટલાયે ધંધાર્થીઓ પોતાનું રહેણાંક અને ઓફિસના સ્થળો છોડીને ક્યાંક ભૂગર્ભમાં ઉતરી ગયા હોવાનું ચર્ચાય છે. આઈ.ટી.ના દરોડાના પગલે આજે બીજા દિવસે પણ કેટલાક બિલ્ડરોએ ધંધાકીય ઓફિસો અને સાઈટો પર કામગીરી બંધ કરી દીધી હોવાનું કહેવાય છે. કહે છે કે દરોડાની આ કાર્યવાહી દરમિયાન આવકવેરા વિભાગના અધિકારીઓને કેટલાક વાંધાજનક દસ્તાવેજો હાથ લાગ્યા છે. જેથી બેનામી આવકો, રોકાણો અને ખથિત કરચોરી સંબંધી હકિકત બહાર આવે તેવી શક્યતા છે. આવકવેરા વિભાગના આ સર્ચ ઓપરેશનમાં ગાંધીનગર, અમદાવાદ તેમજ મહેસાણા રેન્જના અધિકારીઓની ટુકડીઓએ સંયુક્ત રીતે કામગીરી આરંભી છે.

## બનાસકાંઠા જમીઅન ઉલમાએ મડકા પર કાલ્પનીક ફોટો તૈયાર કરી મુકાનારના વિરોધમાં ક્લેક્ટરને આવેદન પત્ર અપાયું

મુસ્લિમ સમુદાયના પવિત્ર ધર્મસ્થાન મક્કા પર સુબરને બેસાડી કાલ્પનિક ફોટો અપલોડ કરી શૈતાની કૃત્ય કરનાર સામે સમગ્ર દેશમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. પાલનપુર ખાતે આજે બનાસકાંઠા જમીનઅન ઉલમાએ હિન્દના પ્રમુખ અબ્દુલ કુકુસાહેબ સહિત જમીઅનના હોદ્દેદારોએ બનાસકાંઠા ક્લેક્ટરને આવેદનપત્ર આપી મુસ્લિમ સમુદાયની લાગણીને ઠેસ પહોંચાડનાર દોષિતોને સખ્ત નસ્યત કરી ઘટતું કરવા માંગ કરી હતી.

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

દાંતીવાડા, તા.૭

દાંતીવાડા સરદાર કૃષિ યુનિવર્સિટીના સરકારી હેલ્થ સેન્ટર ખાતે ગત રોજ યુથ રેડક્રોસ સોસાયટી


(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

તથા વેટનરી કોલેજ એનએસએસના સહયોગથી સ્વૈચ્છિક રકતદાન કાર્યક્રમનું આયોજન કરાયું હતું

મળતી માહિતી મુજબ હેલ્થ સેન્ટર ખાતે જે બ્લડ ડોનેટ કેમ્પનું આયોજન કરાયું તે દરમિયાન કેમ્પસ સ્થિત વિવિધ કોલેજોના ૬૦ ઉપરાંત વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ તેમજ કર્મચારીઓએ ૬૪ બોટલ રકતદાન કરી પોતાની સામાજિક જવાબદારી નિભાવી હતી. કાર્યક્રમ અંગે યુનિ.ના કુલપતિ ડૉ. કે. શ્રીધરન, જિલ્લા રેડક્રોસ સોસાયટીના અધ્યક્ષ અને કલેકટર મહેન્દ્ર પટેલ, જિલ્લા પોલિસ વડા અશોક યાદવ, યુની. રજીસ્ટ્રાર ડૉ. ખેર, વિદ્યાર્થી કલ્યાણ નિયામક ડૉ. વી.આર. પટેલ તેમજ જિલ્લા રેડક્રોસ સોસાયટીના પદાધિકારીઓ શીવમભાઈ ફોસી, શાંતિભાઈ પ્રજાપતિ, ડૉ. ગીરધરભાઈ પટેલે હાજર રહી રકતદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન યુની. હેલ્થ સેન્ટર ડૉ. કુણાલભાઈ મોદી, મેડીકલ ઓફિસર તેમજ પ્રોફેસર કે.એમ. જાદવ દ્વારા કરવામાં આવ્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન